# ‘ભૂતિયા’ ડિમોલિશનને ‘સ્વૈચ્છા’માં ખપાવવા ત્રણ-ત્રણ લાખની ઓફર

**બિલ્ડરોએ** ભાજપના જ એક વચેટિયા જેવા નેતાને સ્વૈચ્છાએ ડિમોલિશન કર્યાની બાંહેધરી લખાવવા માટે ફરતો કર્યાની ચર્ચા

**ભવિષ્યમાં** કોઇ કેસ નહી કરવાની બાંયધરી પણ બિલ્ડરો લખાવી રહ્યા અને મનપા આવાસ આપે તો સ્વીકારવાની સંમતિ પણ માંગવામાં આવી

સુરત : વેડ દરવાજા વિસ્તારમાં આવેલા નાસીરનગરમાં 30 મેના રોજ થયેલા વિવાદાસ્પદ ડિમોલિશનને 20 દિવસ પૂર્ણ થયા હોવા છતાં વિવાદ સમવાનું નામ લેતો નથી. મનપા અને પોલીસની આડમાં બિલ્ડરોએ ડિમોલીશન કરાવી લીધા બાદ હવે આખા ડિમોલિશનને સ્વૈચ્છામાં ખપાવી દેવા માટે બાંહેધરી લખી આપવા માટે વચેટિયા મારફત બિલ્ડર દ્વારા ત્રણ લાખની ઓફરો પણ કરવામાં આવી રહી હોવાની ચર્ચા ચાલી રહી છે. અસરગ્રસ્તોનો દાવો છે કે બિલ્ડર સાથે સંકળાયેલા કેટલાક વચેટિયાઓ દ્વારા અસરગ્રસ્ત પરિવારોને ધાક-ધમકી આપીને એક વિવાદાસ્પદ બાંહેધરી પત્ર પર સહીઓ અને અંગૂઠાના નિશાન લેવામાં આવી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ બાંહેધરી પત્રમાં એવી વિગતો સામેલ છે કે રહેવાસીઓએ મહાનગરપાલિકાની માલિકીની જમીન પર ગેરકાયદેસર દબાણ કર્યું હતું અને તેમણે કોઈપણ દબાણ વિના પોતાની મરજીથી બાંધકામ દૂર કરીને જગ્યા ખાલી કરી છે. સાથે જ ભવિષ્યમાં આ મામલે કોઈ કોર્ટ કે કચેરીમાં કાયદાકીય કાર્યવાહી નહીં કરવાની પણ શરત મૂકવામાં આવી હોવાનું જણાવવામાં આવે છે. પીડિતોનો આક્ષેપ છે કે વિસ્તારમાં સક્રિય કેટલાક રાજકીય નેતાઓના નજીકના ગણાતા લોકો હાલમાં બિલ્ડર વતી મધ્યસ્થી તરીકે કાર્ય કરી રહ્યા છે. તેઓ અસરગ્રસ્ત પરિવારોને સમજાવટ અને દબાણ વચ્ચેની સ્થિતિમાં રાખીને કાગળો પર સહીઓ કરાવવા પ્રયાસ કરી રહ્યા છે. જો સહીઓ નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં કોઈ આર્થિક સહાય કે આવાસનો લાભ નહીં મળે તેવી ધમકીઓ પણ અપાતી હોવાનો આક્ષેપ થઇ રહ્યો છે. વાયરલ થયેલા બાંહેધરી પત્રમાં પીડિતનો ફોટો, સહી અને અંગૂઠાના નિશાન માટે જગ્યા રાખવામાં આવી છે. તેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે કે જગ્યા ખાલી કરવામાં કોઈપણ વ્યક્તિ કે તંત્ર દ્વારા દબાણ કરવામાં આવ્યું નથી અને ભવિષ્યમાં કરવામાં આવતી કોઈ કાયદાકીય ફરિયાદ પણ અમાન્ય ગણાશે. વધુમાં, ભવિષ્યમાં મહાનગરપાલિકા દ્વારા આવાસ ફાળવવામાં આવશે તો તેને સ્વીકારવાની સંમતિ પણ દર્શાવવામાં આવી છે.

## નાસીર નગર ડિમોલિશન મામલે ‘આપ’એ RTI કરી

સુરત: નાસીર નગર ખાતે તાજેતરમાં તંત્ર દ્વારા કરવામાં આવેલી ડિમોલિશનની કામગીરી અને તેમાં રખાયેલા મનસ્વી આયોજન સામે સુરતના પૂર્વ કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ જનતા વતી અવાજ ઉઠાવ્યો છે. ડિમોલિશન પાછળનો અસલી હેતુ અને તેમાં થયેલા સરકારી ખર્ચની વિગતો પ્રજા સમક્ષ આર.ટી.આઇ. તેમણે માહિતી અધિકાર અધિનિયમ-2005 હેઠળ સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સમક્ષ વિગતવાર સવાલો પૂછી સત્તાવાર માહિતી માંગી છે. તેમણે અરજીમાં મુખ્યત્વે 5 મહત્ત્વના મુદ્દાઓ પર પ્રમાણિત નકલો માંગી છે, જેમાં ડિમોલિશન કઈ તારીખે અને કયા સમયે થયું તેનો આખરી અહેવાલ, પોલીસ પ્રોટેક્શન મેળવવા માટે પોલીસ વિભાગ સાથે થયેલા પત્રવ્યવહારની વિગત, કાયદો અને વ્યવસ્થા માટે પોલીસ વિભાગને ચૂકવાયેલી બંદોબસ્ત ફી કે ડિપોઝીટના બિલો, એકાઉન્ટ વિભાગની મંજૂરીની નોટિંગ અને ચૂકવણીની રસીદો તથા આ કામગીરી જીપીએમસી એક્ટની કઈ કલમ હેઠળ કરાઈ અને સ્થાનિક આસામીઓને અપાયેલી કાનૂની નોટિસ તથા તેના મળેલા જવાબોની વિગતોની જાણકારી માંગી છે.

## તપાસ કમિટીની ગુપચુપ મીટિંગ મળી : સેન્ટ્રલ ઝોનના વડાએ રિપોર્ટ માટે વધુ સમય માંગ્યો

નાસીર નગર ડિમોલીશનમાં સુરત મનપાના અધિકારીઓની ભૂમિકા છે કે નહી? અને જો હોય તો ક્યા અધિકારીની કઇ ભુમિકા છે ? તેની તપાસ કરવા મનપા કમિશનર એમ.નાગરાજને ડેપ્યુટી કમિશનર મીના ગજ્જરની અધ્યક્ષતામાં કમિટિની રચના કરી છે. જો કે કમિટિ નિમાયાના એક સપ્તાહ બાદ પણ ‘દળીદળીને ઢાંકણામાં’ જેવો ઘાટ થયો છે.કમિટી દ્વારા સેન્ટ્રલ ઝોનના પડા આશિષ નાયક પાસેથી રિપોર્ટ માંગવામાં આવ્યો હતો. એડિશનલ સિટી ઇજનેર આશિષ નાયકે બુધવારે મોડી સાંજે એક બંધ કવર ડેપ્યુટી કમિશનર મીના ગજ્જર સમક્ષ રજુ કર્યુ હતું. જે ગૂરૂવારે ગુપચુપ મળેલી તપાસ કમિટિની મીટિંગમાં ખોલાયું હતું. જેમાં આશિષ નાયકે રિપોર્ટ રજુ કરવા સમય માંગ્યો હોવાનુ જાણવા મળી રહ્યું છે.

## પોલીસ કમિશનરને રજૂઆત કરવા રિક્ષાની રેલી આવી



ગેસના ભાવ વધ્યા હોવાથી અત્યારના ભાડા રિક્ષાચાલકને પોસાતા નથી. જેથી ભાવ વધારાની માંગ સાથે રિક્ષા રેલી પોલીસ કમિશનર કચેરી પહોંચી હતી. (તસવીર : સતીષ જાદવ)

# કોવિડ નેગેટિવ હોવા છતાં પ્રભુ જનરલ હોસ્પિટલે સારવાર કરી

**દર્દીને** રૂ. 3,71,321 બિલ ફટકાર્યું હતું પરંતુ વીમા કંપનીએ SMCના પેકેજ મુજબ 1,64,276 કાપ્યા હતા

**દર્દીએ** ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરતાં 1,64,276 વ્યાજ સાથે ચૂકવવા આદેશ

સુરતઃ ડોક્ટર ભગવાનનું રૂપ ગણાય છે, પરંતુ કેટલાક ડોકટરો આપદા સમયમાં માનવતાભર્યા વ્યવસાયને લજવે છે અને દર્દીને બકરો ગણીને હલાલ કરી નાંખે છે. આવા જ એક કિસ્સામાં દર્દીને કોવિડ ન હોવા છતાં પણ કોવિડની સારવારનું બિલ ફટકારી DWTI-પ્રભુ જનરલ હોસ્પિટલે માનવતા નેવે મૂકી દેતા ગ્રાહક સુરક્ષા કોર્ટે ગ્રાહક દર્દીને ન્યાય આપ્યો હતો. સુરત જિલ્લા ગ્રાહક કમિશને હોસ્પિટલ તથા તેના જવાબદાર સંચાલકોને ફરિયાદીને રૂ. ૧,૬૪,૨૭૬ વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો હતો. તેમજ વીમા કંપનીની સેવામાં ખામી ન હોવાથી વીમા કંપની તથા ટીપીએ વિરૂદ્ધની ફરિયાદ રદ કરવામાં આવી હતી. ફરિયાદી બ્રહ્મકુમાર ગર્ગે ઇન્સ્યોરન્સ કંપની, હેલ્થ ટીપીએ તેમજ DWTI-પ્રભુ જનરલ હોસ્પિટલ એન્ડ બેંકર્સ અને તેના સંચાલકો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદી તરફે એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ તથા ઈશાન શ્રેયસ દેસાઈ હાજર રહ્યા હતા. જુલાઈ-2020 દરમિયાન ફરિયાદીની તબિયત બગડતાં ઉમરા વિસ્તારની DWTI-પ્રભુ જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના રેકોર્ડ અને ડિસ્ચાર્જ સમરી મુજબ દર્દીનું નિદાન “Viral Pneumonia Covid-Negative” હોવાનું થયું હતું. સારવારનો કુલ ખર્ચ રૂ. 3,71,321 થયો હતો. ત્યારબાદ ફરિયાદીએ વીમા કંપની સમક્ષ મેડીક્લેમ નો દાવો રજૂ કર્યો હતો. વીમા કંપનીએ સુરત મહાનગરપાલિકાના કોવિડ પેકેજ મુજબ ની રકમ મંજૂર કરી બાકીના રૂ. 1,64,276 ની કપાત કરી હતી. આ કપાતને પડકારવા ફરિયાદીએ ગ્રાહક કમિશન સમક્ષ ફરિયાદ દાખલ કરી હતી.

જિલ્લા ગ્રાહક કમિશનના પ્રમુખ પી.પી. મેખીયા અને સભ્ય ડો. તીર્થેશ મહેતાએ બંને પક્ષની દલીલો, હોસ્પિટલના બિલ, ડિસ્ચાર્જ સમરી તથા અન્ય મેડિકલ દસ્તાવેજોનું વિશ્લેષણ કરતાં નોંધ્યું કે દર્દી “Covid-Negative” હતો. તેમ છતાં હોસ્પિટલ દ્વારા કોવિડ-19ની સારવાર માટે ફરિયાદી પાસે 3.71 લાખ ચાર્જ વસુલવામાં આવ્યો હતો. હોસ્પિટલ તરફથી એ બાબતે કોઈ સંતોષકારક સ્પષ્ટતા આપવામાં આવી નહોતી કે જ્યારે દર્દીને કોવિડ ન હતો ત્યારે કોવિડ મુજબ બિલ કેમ બનાવવામાં આવ્યું? કમિશને વધુમાં ઠરાવ્યું કે વીમા કંપનીની સેવા ખામી જણાતી નથી. પરિણામે વીમા કંપની તથા TPA વિરુદ્ધની ફરિયાદ રદ કરવામાં આવી હતી. બીજી તરફ હોસ્પિટલ અને તેના જવાબદાર વ્યક્તિઓ દ્વારા દર્દી પાસેથી ખોટી રીતે વસૂલ કરાયેલી રૂ. 1,64,276 વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો હતો. તેમજ માનસિક ત્રાસ, ફરિયાદ ખર્ચ પેટે કુલ રૂ. ૧૦૦૦૦ ચૂકવવાનો પણ હુકમ કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### યુનાઇટેડ ફીઝિયોથેરાપી એસોસિએશન દ્વારા પ્રથમ કોન્ફરન્સનું આયોજન

સુરતઃ આગામી રવિવાર, તા. 21 જૂનના રોજ યુનાઇટેડ ફિઝિયોથેરાપી એસોસિએશન દ્વારા પ્રથમ ‘UPACON-2026’ કોન્ફરન્સનું સુરતના અવધ યુટોપિયા ખાતે આયોજન કરવામાં આવશે.આ કોન્ફરન્સમાં જાણીતા તબીબો અને નિષ્ણાંતો ડો. મનુ શર્મા, ડો. જેની ગાંધી, ડો. કુણાલ શાહ સાથે 300થી વધુ ફીઝિયોથેરાપિસ્ટ સહિત અન્ય પ્રતિષ્ઠિત ડોક્ટર્સ હાજર રહીને પોતાના વિચારો અને માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ફિઝિયોથેરાપી ક્ષેત્રમાં જ્ઞાનની આપ-લે, નવી ટેકનિકની જાણકારી અને પ્રોફેશનલ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમના ઓર્ગેનાઇઝિંગ ચેરપર્સન તરીકે ડો. નરેશ ચોથાણી, ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી તરીકે ડો. જોય ચૌકસી અને ઓર્ગેનાઇઝિંગ જોઇન્ટ સેક્રેટરી તરીકે ડો. રવિ લકડાવાલા મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી રહ્યા છે.

### માધવજીભાઈ લેન્ડમાર્ક ગ્રુપ દ્વારા દ્વારકાધીશના મંદિરે ધજા આરોહણ કરાયું



સુરતઃ માધવજીભાઈ લેન્ડમાર્ક ગ્રુપ દ્વારા શોભાયાત્રા બાદ શ્રી દ્વારકાધીશજીના પવિત્ર ધામે ધજા આરોહણનો દિવ્ય અને ઐતિહાસિક કાર્યક્રમ સંપન્ન થયો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રાર્થના કરી દેશ-સમાજના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વાંગી કલ્યાણની કામના વ્યક્ત કરી. માધવજીભાઈ લેન્ડમાર્ક ગ્રુપ દ્વારા આયોજિત આ ભવ્ય ધાર્મિક કાર્યક્રમ દ્વારકાની પવિત્ર ભૂમિ પર આસ્થા અને સંસ્કારનો અનોખો સંગમ સાબિત થયો, જેની મધુર સ્મૃતિ ઉપસ્થિત સૌના હૃદયમાં ચિરંજીવ રહેશે. પ્રતિષ્ઠિત મહાનુભાવોના સન્માનમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તજનો, આગેવાનો તથા સમાજના અગ્રણી વ્યક્તિઓ ઉત્સાહભેર જોડાયા હતા. શોભાયાત્રા બાદ શ્રી દ્વારકાધીશજીના પવિત્ર ધામે ધજા આરોહણનો દિવ્ય અને ઐતિહાસિક કાર્યક્રમ સંપન્ન થયો.

### ફોસ્ટાના નવા પ્રમુખ હંસરાજ જૈન અને મહામંત્રી દિનેશ કટારિયા સહિત હોદ્દેદારો વરાયા



સુરતઃ ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઇલ ટ્રેડર્સ એસોસિએશન (ફોસ્ટા)માં સર્વાનુમતે નવી કાર્યકારિણીના મુખ્ય હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં બેઠક દરમિયાન પ્રમુખ પદ માટે હંસરાજ જૈનની, મહામંત્રી પદ માટે દિનેશ કટારિયાની, કોષાધ્યક્ષ પદ માટે નીરજ અગ્રવાલની તેમજ સંગઠન મહામંત્રી પદ માટે ગિરીશ મિત્તલની સર્વસંમતિથી પસંદગી કરવામાં આવી હતી. અન્ય હોદ્દેદારો તથા વિવિધ સમિતિઓની રચના અંગેની વિસ્તૃત માહિતી ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

### પદ્મદર્શનસૂરિજી મહારાજે સૂરિમંત્રના યન્ત્રના શાસ્ત્રીય શ્લોકનું મહાપૂજન કર્યું



ભીવંડીઃ થાણા જિલ્લા સ્થિત ધર્મનગરી ભીવંડીનગરમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ, મુનિ પ્રીતદર્શનવિજયજી મ. અને મુનિ પ્રેમદર્શનવિજયજી મ.ના ચાતુર્માસ કાજે મંગલમુહૂર્તે નગર પ્રવેશ ગુરુપુષ્ય અમૃતસિદ્ધિના શુભ દિવસે ઢોલનગારા સાથે શુભ શુકન દ્વારા થયો હતો. બહેનોએ માથે બેડાં લઈને ત્રણ પ્રદક્ષિણા દેવા પૂર્વક અક્ષતથી વધામણાં કર્યા હતા. જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજીએ મંગલ આશીર્વાદ સાથે માંગલિક કર્યું હતું. આજના આ પવિત્રતમ દિવસે શંખેશ્વર પાર્શ્વનાથ તેમજ 24 પંચધાતુના તીર્થંકરો, પાષાણનાં મહાવીર સ્વામી, ગૌતમ સ્વામી અને સૂરિમંત્રના યન્ત્રનાં અઢાર અભિષેકનું શાસ્ત્રીય શ્લોકો દ્વારા મહાપૂજન કરવામાં આવ્યું હતું. આ અઢાર અભિષેકનું વિધાન ભીવંડીના શ્રી ગૌતમભાઈ પંડિતજી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે શ્રી સંઘના મોવડીઓ અને સદસ્યો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ખ્વાજા ગરીબ નવાઝ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા મફત આઈ કેમ્પ અને મોતિયાના ઓપરેશન કરાયા

સુરતઃ ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ તરફથી તા. ૧૪/૦૮/૨૦૨૬ રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધી મફત આંખના રોગોનું કેમ્પ ખ્વાજા ગરીબ નવાઝ તાડવાડી



સેન્ટર પર રાખવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ દર્દીઓએ ભાગ લીધો હતો અને તેમાંથી ૩૦ જેટલા મોતિયાબિંદુના ઓપરેશન સ્વામી વિવેકાનંદ નેત્રમંદિર હોસ્પિટલમાં નિ:શુલ્ક કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં સ્વામી વિવેકાનંદ નેત્રમંદિર હોસ્પિટલના ડોકટરોએ અને સ્ટાફે સેવા આપી હતી. આ કાયક્રમને સફળ બનાવવા ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ આસીફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ સબ્બીરભાઈ દડા, સેક્રેટરી ફૈયાઝભાઈ ચીડીમાર, બકુલ પટેલ, એહમદ ચીડીમાર, રોશની, અરશીયા, રૂખસાર, નુસૈબા, પરવીન અને બધા જ કાયેકરોએ ભારે મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યું હતું.

### નર્મદ યુનિ.ના બાયોટેકનોલોજી વિભાગની વિદ્યાર્થિની તન્વી તમાકુવાલા પીએચ.ડી. થયા



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગની સંશોધક વિદ્યાર્થિની તન્વી વિનોદભાઈ તમાકુવાલાને બાયોસાયન્સ (માઇક્રોબાયોલોજી) વિષયમાં “To Study the Synthesis of Bioplastics from Microorganisms, Its Safety Aspects and Potential Applications” વિષય પર સંશોધન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ પીએચ.ડી.ની ઉપાધિ એનાયત કરવામાં આવી છે. આ સંશોધન કાર્ય ડો. ગૌરવ શાહ, પ્રોફેસર અને હેડ, બાયોટેકનોલોજી વિભાગ, VNSGU ના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયું હતું. સિદ્ધિ બદલ વિભાગના અધ્યાપકો, વિદ્યાર્થીઓ, મિત્રો અને પરિવારજનો દ્વારા તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સણિયા કણદેમાં પત્નીના અનૈતિક સંબંધની જાણ થઈ જતાં પતિનો આપઘાત

સુરતઃ સણિયા કણદેમાં પત્નીના અનૈતિક સંબંધની જાણ થઈ જતાં પતિએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્ર નંદુરબારના વતની બલિરામ વિશ્વાસ કોળી (ઉં.વ.28) હાલમાં સણિયા કણદે ખાતે આવેલી શ્રીહરિ રેસિડેન્સીમાં એક પુત્રી સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે કાપડ માર્કેટમાં ચણિયા ચોળીની દુકાનમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે રાત્રે બલિરામે ઘરમાં હુક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બલિરામને તેની પત્નીના અનૈતિક સંબંધની જાણ થઈ ગઈ હતી. જે વાતનું માઠું લગાવીને બલિરામે આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પરિવારે વ્યક્ત કરી હતી.

# સિદ્ધિ કન્સ્ટ્રક્શનના 6 લાખની ઉચાપત કરનાર મેનેજરની ધરપકડ

**ડુંભાલમાં** હાઈટેક માર્કેટની દુકાનો-પ્લોટ વેચવાની જવાબદારીમાં વકીલ પાસેથી કંપનીના નાણાં પરત લઈ લઈને છેતરપિંડી કરી હતી

સુરતઃ લિંબાયતના ડુંભાલમાં આવેલા હાઈટેક ટેક્સટાઈલ માર્કેટ-૩ ના પ્રોજેક્ટમાં પેઢીના ભાગીદારોને અંધારામાં રાખી પ્લોટ ખરીદનારાઓ પાસેથી દસ્તાવેજ તેમજ રજિસ્ટ્રેશન ફી પેટે મેળવેલા રૂ.૬,૦૦,૨૦૦ની ઉચાપત કરનાર મેનેજરની લિંબાયત પોલીસે ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સિટીલાઈટ લાવ્યણા હાઉસમાં રહેતા અને





‘સિદ્ધિ કન્સ્ટ્રકશન’ તેમજ ‘શીવ એન્ટરપ્રાઈઝ’ નામે ભાગીદારીમાં કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતાં ૬૦ વર્ષીય સાગરભાઈ રમેશભાઈ દંડવતેએ લિંબાયત પોલીસ સ્ટેશનમાં આરોપી સૌરભ દિપકકુમાર ઠાકોર (રહે., એ/૪૦૧, રામેશ્વરમ કેમ્પસ, પાલ, સુરત) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર સૌરભને કમિશન બેઝ પર એજન્ટ તરીકે રાખવામાં આવ્યો હતો.

આ દરમિયાન આરોપી સૌરભે માર્કેટના પ્લોટ નં. ૨૯, ૩૦, ૩૧ અને ૩૨ ખરીદનારા ગ્રાહકોના રજિસ્ટ્રેશન માટે વકીલને અપાયેલા રજિસ્ટ્રેશન ફીના રૂ.૩,૦૦,૨૦૦ કંપનીના કોઈ ઓથોરાઈઝ્ડ પર્સનને જાણ કર્યા વિના પોતાના મિત્ર અનિલકુમાર ચંદ્રપ્રકાશ શાહના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

એટલું જ નહીં, ત્યારબાદ સ્ટેમ્પ વેન્ડર શીલાબેન પાસેથી પણ કંપનીના કામનું બહાનું ધરી ટુકડે-ટુકડે અન્ય રૂ.૩,૦૦,૦૦૦ મેળવી લીધા હતા. આમ, આરોપીએ કંપની સાથે વિશ્વાસઘાત કરી કુલ રૂ.૬,૦૦,૨૦૦ની ઉચાપત કરી આટોપી લીધા હતા. લિંબાયત પોલીસે ગુનો નોંધી ગુનામાં સંડોવાયેલા આરોપી સૌરભ દિપકકુમાર ઠાકોરની ધરપકડ કરી લીધી છે.

# ગોડાદરાના ઠગે કર્મકાંડી બ્રાહ્મણને પણ નહીં છોડ્યો

**માર્બલ** ફેક્ટરીમાં ભાગીદારીના નામે રૂ. ૪.૭૧ લાખની ઠગાઈ

સુરતઃ દેવધ ગામમાં રહેતા કર્મકાંડી બ્રાહ્મણ અને તેમની પડોશણને માર્બલના ધંધામાં ઊંચો નફો હોવાની વાત કરી રૂ. ૪.૭૧ લાખની ઠગાઇ કરવામાં આવી છે. પૂજારીની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ગઠિયા અને તેની પત્ની વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

દેવધ ગામની ‘માં આનંદી હાઈટ્સ’ માં રહેતા મૂળ રાજસ્થાનના સુશીલકુમાર બંશીધર શર્મા (ઉ.વ. ૪૧) કર્મકાંડી બ્રાહ્મણ છે. ઓક્ટોબર ૨૦૨૪માં ગોડાદરા ખાતે એક પૂજા દરમિયાન તેમની મુલાકાત શેખર જુગલકિશોર શર્મા ( રહે. ખોડિયાર રેસિડેન્સી ગોડાદરા) સાથે થઈ હતી. તેણે તેની ઓળખ માર્બલના મોટા વેપારી તરીકે આપી હતી. તેણે તેમને સારોલી ખાતે પ્રમુખ ઓરબિટ સામે નવી શરૂ થનારી ફેક્ટરીમાં પૂજા કરવા માટે સુશીલકુમારને બોલાવ્યા હતા. આ ઓળખાણ બાદ તેણે તેમને ઊંચા નફાની લાલચ આપતા પૂજારી અને તેમના પડોશી મહિલાસુમન ઉર્ફે સોમ્યા જોષી રોકાણ કરવા તૈયાર થયા હતા. બંનેએ ભેગા મળીને મે ૨૦૨૫ સુધીમાં શેખર શર્મા અને તેની પત્ની પૂનમ શર્માના બેંક ખાતામાં ઓનલાઈન તેમજ રૂ. ૩ લાખ રોકડા મળી કુલ રૂ. ૬,૧૬,૦૦૦ આપ્યા હતા. ત્યાર બાદ તેમણે તેને વોટ્સએપ કોલ કરતા શેખરે ‘તારા રૂપિયા નહીં આપું, થાય તે કરી લે’ કહી ગાળો ભાંડી હતી. તપાસ કરતાં ખબર પડી કે આરોપી શેખર શર્મા એકાદ મહિના પહેલાં જ પોતાનું મકાન ખાલી કરીને રાતોરાત નાસી છૂટ્યો છે.

# સચિનમાં મોડી રાત્રે હથિયારો સાથે ચાર અજાણ્યાનો આતંક

**એક** યુવક પાછળ દોડી આવેલા તત્ત્વોએ ગ્રીલમાં તોડફોડ કરી

સુરતઃ સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એક શ્રમિક ચાલીમાં મોડી રાત્રે લોખંડના સળિયા અને લાકડાના ફટકા જેવા જીવલેણ હથિયારો સાથે ધસી આવેલા ચાર અજાણ્યા તોફાની તત્ત્વોએ તોડફોડ કરી આતંક મચાવ્યો હતો. આ મામલે ચાલીના માલિકે સચિન પોલીસ મથકમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

પાલીગામ ખાતે લક્ષ્મીવિલામાં રહેતા રાજકુમાર મહેન્દ્રસિંગ જાટ (ઉં.વ.૪૫) પાલીગામ છોટુ કાકાની વાડીમાં પ્લોટ નં.૧૩૫, ૧૩૬ માં ‘પ્રેમ નિવાસ’ નામે પોતાની ચાલી ધરાવે છે અને ત્યાં જ ‘પ્રેમ કિરાણા સ્ટોર’ ચલાવે છે. ગત તા. ૧૭/૦૬/૨026 ના રોજ મોડી રાત્રે આશરે સવા બાર વાગ્યાના અરસામાં ચાલી બહાર રોડ પર કેટલાક અજાણ્યા ઈસમો વચ્ચે સામસામે ઉગ્ર ઝઘડો થયો હતો. આ દરમિયાન એક શખ્સ પોતાનો જીવ બચાવવા માટે દોડીને ‘પ્રેમ નિવાસ’ ચાલી તરફ ભાગ્યો હતો. તે યુવકની પાછળ લાકડાના ફટકા અને લોખંડના સળિયા સાથે ચાર અજાણ્યા હુમલાખોરો દોડતા દોડતા ચાલી સુધી ધસી આવ્યાં હતાં. અને લોખંડની ગ્રીલ પર આડેધડ ફટકા અને સળિયા મારવાનું શરૂ કરી દીધું હતું. આ અવાજ સાંભળી ચાલીમાં રહેતા શ્રમિક ભાડુઆત નિર્મલ મંડલ બહાર આવ્યા હતા અને ગ્રીલ પર નુકસાન ન કરવા વિનંતી કરી હતી. જો કે, હથિયારધારી ગઠિયાઓએ ઉશ્કેરાઈને ગ્રીલના નકુચા તોડી નાંખ્યા હતા અને નિર્મલ મંડલને ‘બહાર નીકળ, આજે તને પતાવી દઈશું’ તેવી ધમકીઓ આપી બિભત્સ ગાળો ભાંડી અંધારામાં નાસી છૂટ્યા હતા.

# હોસ્પિટલના બદનામીના કેસમાં પત્રકાર સહિત બેની ધરપકડ

**નામના** ઈન્સ્ટા પેજ પર કમિશન રેકેટના ખોટા લખાણ સાથે મુકેલો વિડીયો ડીલીટ કરવા સારવારના નાણાં પરત માંગ્યા હતા

સુરતઃ સરથાણા અને યોગીચોક વિસ્તારની જાણીતી હોસ્પિટલોને સોશિયલ મીડિયા પર ખોટા આક્ષેપો સાથે બદનામ કરી તબીબોની પ્રતિષ્ઠા ખરડનારા ઈન્સ્ટાગ્રામ પેજના સંચાલક અને પત્રકાર સહિત બે શખ્સોને સરથાણા પોલીસે ઝડપી પાડી જેલભેગા કર્યા છે. ડભોલી-સિંગણપોર રોડ પર રહેતા ડૉ. મનોજભાઈ પ્રાગજીભાઈ પટેલ (ઉં.વ.૩૫) યોગીચોક વિસ્તારમાં ભાગીદારીમાં હોસ્પિટલ ચલાવે છે. ગત એપ્રિલ માસ દરમિયાન આરોપી જતિન જાધવભાઈ શિરોયાની પત્નીએ લાડલી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. જેનું કુલ બિલ રૂ.૨૭,૦૦૦ થયું હતું. જતિને ડિસ્કાઉન્ટની માંગણી કરતાં હોસ્પિટલે રૂ.૨૨,૫૦૦ કરી આપ્યા હતા. તેમ છતાં વધુ ડિસ્કાઉન્ટ જોઈતું હોય જતિને હોસ્પિટલમાં જ ડોક્ટરો સાથે ગાળાગાળી કરી, ‘હોસ્પિટલ એક દિવસના ૪૫ હજાર લૂંટે છે’ તેવો ભ્રામક વિડીયો પોતાના મોબાઈલમાં ઉતારી લીધો હતો. આરોપી જતિને આ વીડિયો ‘Trishul News Surat’ ના સંચાલક અને પત્રકાર વંદનકુમાર ભાદાણીને આપ્યો હતો. પત્રકાર વંદને ડૉક્ટરોના ફોટા કટ-પેસ્ટ કરીને પોતાના પેજ તેમજ ‘awesome.surat’ નામના ઈન્સ્ટાગ્રામ પેજ પર ‘ડોક્ટરોનો કમિશનનો ખેલ’ અને ‘જનતા સાથે છેતરપિંડી’ ના ભ્રામક લખાણ સાથે વાયરલ કરી દીધો હતો. તબીબી વ્યવસાયની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડ્યા બાદ આરોપીઓએ આ વીડિયો ડિલીટ કરવાના બદલામાં ડૉ. ચેતન ચોવટીયા પાસે સારવાર પેટે ચૂકવેલા તમામ નાણાં પરત આપવાની માંગણી કરી બ્લેકમેઈલિંગ શરૂ કર્યું હતું. આખરે ડૉ. મનોજ પટેલે સરથાણા પોલીસ મથકમાં ન્યાયની ગુહાર લગાવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી જતિનભાઈ શીરોયા (ઉં.વ.૨૯, એસેસરીઝ વેપાર રહે., મારુતિધામ સોસાયટી, સરથાણા જકાતનાકા પાસે) તથા વંદનકુમાર ભાદાણી (ઉં.વ.૩૧, પત્રકાર, ત્રિશુલ ન્યૂઝ માલિક, રહે., પંચવટી સોસાયટી, રમણ પાર્ક સોસાયટીની બાજુમાં, કોઝવે રોડ, સિંગણપોર)ને રાઉન્ડઅપ કરી લીધા હતા.

## ડિંડોલી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં 8 કોચની કરાર આધારિત ભરતી થશે

સુરતઃ મહાનગરપાલિકાના લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલા નવાગામ ડિંડોલી ખાતે નવું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવામાં આવ્યું છે. આ કોમ્પ્લેક્સમાં સ્થાનિક રમતવીરોને યોગ્ય તાલીમ મળી રહે એ માટે વિવિધ 8 રમત માટે માનદ કોચ (કરાર આધારિત) ની જગ્યાઓ ઊભી કરવાની વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેની દરખાસ્તને સ્થાયી સમિતિમાં મંજૂરી આપવામાં આવી હતી. આ કોમ્પ્લેક્સમાં યોગા ટ્રેનર માટેની વ્યવસ્થા યોગ બોર્ડના સહકારથી અલગથી ચાલી રહી છે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ટેબલ ટેનિસ, બેડમિન્ટન, વોલીબોલ, ખો-ખો, કબડ્ડી, જુડો, કરાટે અને જીમ જેવી રમતો માટે કોચની નિમણૂક કરવામાં આવશે. આ તમામ જગ્યાઓ સંપૂર્ણપણે કરાર આધારિત અને 11 મહિનાના સમયગાળા માટે રહેશે.